
# હાથી, ઘોડા, પાલખી જય કનૈયા લાલ કી



શહેરની એમ.એસ. યુનિ.ની કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યે પ્રેમ તથા ગૌરવની ભાવના કેળવવા સાથે એકતા, સહકાર, ટીમવર્ક, પરસ્પર વિશ્વાસ અને ભાઈચારાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હેતુ સાથે મટકી ફોડના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થિનીઓએ મટકી ફોડીને જન્માષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ મટકી ફોડ કાર્યક્રમમાં ફેકલ્ટી ખાતે હાજર તમામ વિદ્યાર્થીઓએ હાથી, ઘોડા પાલખી જય કનૈયા લાલ કી ના નારા લગાવ્યા હતા.

CULTURAL

# મટકી ફોડથી છાત્રોનું પ્રી સેલિબ્રેશન

વડોદરા : જનમાષ્ટમી પૂર્વે મ.સ.યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીમાં મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થીઓની બે અલગ-અલગ માટલી બાંધવામાં આવી હતી. આ વખતે વિદ્યાર્થિનીઓએ પણ ગ્રૂપ બનાવી માટલી ફોડી ઉજવણી કરી હતી. જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.



કોમર્સ ફેકલ્ટી

